# ‘રિવર્સ બ્રેઇન ડ્રેઇન’ અંગે લેક્ચર

## IIT-G ખાતે લેક્ચરમાં કહેવાયું કે, તેજસ્વી લોકો માટે દેશમાં જ સારી તકોનું નિર્માણ કરવું જોઇએ

**અમદાવાદ : ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૩**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગર (આઇઆઇટી-જીએન) ખાતે રિવર્સ બ્રેઇન ડ્રેઇન પર યુનિવર્સિટી ઓફ ટેક્સાસના પ્રોફેસર ડો. મેઘના સબરવાલના લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોફેસર સબરવાલે સ્ટુડન્ટ્સ સાથે ‘રિવર્સ બ્રેઇન ડ્રેઇન’ અંગે ચર્ચા કરી હતી. વિકાસશીલ દેશોના બ્રિલિયન્ટ બ્રેઇન્સ ફોરેનમાં સારી નોકરી અને નાણાં માટે પહોંચી જાય છે. તેઓ પોતાના અભ્યાસ અને રિસર્ચ સ્ટડી પોતાના દેશમાં કર્યા બાદ અન્ય કોઇ દેશમાં કામ કરવા માટે જાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ચીન, જાપાન વગેરે દેશો ‘રિવર્સ બ્રેઇન ડ્રેઇન’ની પોલિસી અપનાવી રહ્યા છે. જે હેઠળ તેઓ પોતાના દેશના એન્જિનિયર કે સાયન્ટિસ્ટ્સ જે અન્ય દેશોમાં પોતાનું બેસ્ટ પર્ફોર્મન્સ આપી રહ્યા છે તેઓને મૂળ દેશમાં પરત લાવી રહ્યા છે.

ભારતમાં હજુ આ કોન્સેપ્ટ અંગે માત્ર ચર્ચા વિચારણા જ શરૂ થઇ છે.

એક અંદાજ અનુસાર, વર્ષ ૨૦૦૩માં ૨૧.૬ મિલિયન સાયન્ટિસ્ટ્સ અને એન્જિનિયર્સ હતા. જેમાંથી ૧૬ ટકા એક્સપર્ટ્સ અન્ય દેશમાંથી આવ્યા હતા. જેમ કે, ૨૨ ટકા ચીનથી અને ૧૫ ટકા જેટલા એક્સપર્ટ્સ ભારતીય મૂળના હતા.



### રિવર્સ બ્રેઇન ડ્રેઇનથી શું ફાયદો થશે ?

રિવર્સ બ્રેઇન ડ્રેઇનથી જે ફાયદો થશે તેના વિશે વાત કરતા જણાવ્યું કે, જે લોકો પાછા પોતાના દેશમાં આવશે તેમની પાસે ટેલેન્ટ છે, નોલેજ છે અને મોસ્ટ સક્સેસફુલ છે. સાથે જ તેઓ યુએસની ટેક્નોલોજીકલ, વૈજ્ઞાનિક અને આર્થિક વૃદ્ધિમાં મહત્વનો ભાગ ભજવે છે. જેનો ફાયદો આવનારા સમયમાં આપણને પણ મળી શકે છે.

પોતાના લેક્ચરમાં સબરવાલે જણાવ્યું હતું કે, યુએસમાં ટોપ સાયન્ટિસ્ટ અને એક્સપર્ટ ભારત. ચીન, તાઇવાન, કોરિયા વગેરે દેશમાંથી આવેલા છે. પરંતુ તેની સામે ચીન અને જાપાન જેવા દેશો તેમના બ્રાઇટ બ્રેઇનના પાછા લાવવા માટે નવા પ્રકારની સ્કિમ્સ અને પ્રોગ્રામ તૈયાર કરી રહ્યા છે.

ચીન દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે વાત કરતા તેઓએ જણાવ્યું કે, ચીન દ્વારા સાયન્સ અને ટેક્નોલોજી પર ખાસ યુનિવર્સિટીની શરૂઆત કરી રહ્યા છે. તેઓ પોતાના દેશના ટેલેન્ટને ફરી દેશમાં લાવવા માટે અને આ પ્રકારની ખાસ ઇન્સ્ટિટ્યૂટમાં કામ કરવા માટે તેમને આકર્ષવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત ‘૧૦૦૦ ટેલેન્ટ પ્રોગ્રામ’ દ્વારા એક્સપર્ટને બેસ્ટ પગાર અને સાથે બેસ્ટ ઇન્ફ્રાસ્ટક્ચર અને વર્લ્ડ ક્લાસ લેબોલેટરીની ઓફર કરવામાં આવે છે. સાથે જ ‘૧૦૦ સ્કોલર પ્રોગ્રામ અંતર્ગત’ ટોપ રિસર્ચર્સને આકર્ષવા માટે સ્કિમ ચલાવવામાં આવે છે.

**Source:** Sandesh

**Date:** 20/09/13

**Page:** 01 (City Life)